મધ્ય ગુજરાતની સૌથી મોટી હોસ્પિટલમાં દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં

# SSGમાં તંત્રની બેદરકારી, તાત્કાલિક વિભાગ પાસે ડ્રેનેજનું દુર્ગંધ મારતુ પાણી ઉભરાયું

**સામાજિક** કાર્યકરની ઉગ્ર માંગ, બેદરકાર અધિકારીઓને સસ્પેન્ડ કરો અને કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરો



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

મધ્ય ગુજરાતની સૌથી મોટી અને મુખ્ય ગણાતી એસએસજી હોસ્પિટલમાં દર્દીઓ અને તેમના સગા સંબંધીઓના આરોગ્ય સાથે ચેડાં થઈ રહ્યા હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. હાલમાં ચોમાસાની ઋતુ ચાલી રહી છે ત્યારે હોસ્પિટલ પરિસરમાં જ ડ્રેનેજનું મળમૂત્ર યુક્ત પ્રદૂષિત પાણી પુષ્કળ પ્રમાણમાં ઉભરાઈ રહ્યું છે. ચોમાસાની આ સિઝનમાં વિવિધ બીમારીઓથી પીડાતા દર્દીઓનો ભારે ધસારો એસએસજી હોસ્પિટલમાં જોવા મળી રહ્યો છે. એક તરફ દર્દીઓ પોતાની વેદના લઈને સારવાર અર્થે આવે છે, તો બીજી તરફ હોસ્પિટલના તાત્કાલિક વિભાગની બિલકુલ નજીક જ ડ્રેનેજના ગંદા અને પ્રદૂષિત પાણી ઉભરાઈ રહ્યા છે, જેના કારણે દર્દીઓ અને તેમના સ્વજનોને ભારે દુર્ગંધ અને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સામાજિક કાર્યકર કમલેશ પરમારના જણાવ્યા મુજબ, હોસ્પિટલના PIU વિભાગના જવાબદાર અધિકારીઓ પોતાની એસી કેબિનમાંથી બહાર આવવાની તસ્દી પણ લેતા નથી. સફાઈ માટે કરોડો રૂપિયાનો કોન્ટ્રાક્ટ અપાયો હોવા છતાં અધિકારીઓ અને કર્મચારીઓની ઘોર બેદરકારી પ્રવર્તે છે. જ્યારે આ મામલે જાત તપાસ કરવામાં આવી, ત્યારે સફાઈ કર્મચારીઓ પ્લાસ્ટિકની સાદી પાઈપથી ડ્રેનેજ લાઈન સાફ કરતા નજરે પડ્યા હતા. જો આ પ્લાસ્ટિકની પાઈપ ડ્રેનેજ લાઈનની અંદર તૂટી જાય, તો આખી પાઈપલાઈન નવેસરથી નાખવી પડે તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ શકે છે. વડોદરા મહાનગરપાલિકા સામાન્ય નાગરિકો દ્વારા રોડ પર કચરો ફેંકવામાં આવે ત્યારે કડક દંડ ફટકારતી હોય છે, તો પછી આરોગ્ય વિભાગના આવા બેજવાબદાર અધિકારીઓ સામે કાયદાકીય કાર્યવાહી કેમ કરવામાં નથી આવતી ? તેવો સૂર લોકોમાં ઉઠ્યો છે. આ મામલે તંત્ર સમક્ષ ઉગ્ર માંગ કરવામાં આવી છે કે હોસ્પિટલના બેદરકાર અધિકારીઓને તાત્કાલિક નોટિસ આપી સસ્પેન્ડ કરવામાં આવે અને સફાઈ કામગીરીનો કોન્ટ્રાક્ટ રાખનાર એજન્સીને બ્લેકલિસ્ટ કરવામાં આવે, જેથી શહેરમાં એક દાખલો બેસે. ઉચ્ચ કક્ષાના અધિકારીઓ કે નેતાઓની મુલાકાત વખતે હોસ્પિટલને મેકઅપ-પાવડર લગાવીને સજ્જ કરવામાં આવે છે અને દેખાડો કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ ખૂબ જ દયનીય છે.

## ગૌરી વ્રત નિમિત્તે સરકારી શાળાની ૪૦ વિદ્યાર્થિનીઓને શૈક્ષણિક કિટનું નિઃશુલ્ક વિતરણ



વડોદરા : ગોત્રી ખાતે આવેલી ધોરણ 10 સુધી કાર્યરત સર સર્વપલ્લી રાધાકૃષ્ણન સરકારી શાળામાં ગૌરી વ્રતની ઉજવણીના અવસરે સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સમાજસેવિકા અને પ્રખર રામભક્ત અરુણાબેન ઠક્કર દ્વારા આશરે 40 બાલિકાઓને પોતાના ખર્ચે શિક્ષણ ઉપયોગી સામગ્રીની કિટ નિઃશુલ્ક અર્પણ કરવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓને કંપાસ બોક્સ, ફૂટપટ્ટી, રબર, ભૂમિતિના સાધનો, પેન્સિલ સહિતની વિવિધ શૈક્ષણિક સામગ્રી આશીર્વાદ સાથે ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

સ્મશાનના ડેડિકેટેડ પાર્કિંગમાં આડેધડ વાહનો મૂકી જતા લોકો, પાલિકા અને ટ્રાફિક પોલીસની ઘોર નિષ્ક્રિયતા સામે આવી

# તરસાલી મુક્તિધામ બહાર અનધિકૃત વાહનોના ખડકલાથી મુલાકાતીઓ હેરાન-પરેશાન

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરાના તરસાલી વિસ્તારમાં આવેલા મુક્તિધામ ખાતે પાર્કિંગની ગંભીર સમસ્યા સર્જાતાં અંતિમયાત્રામાં આવતા સગા-સંબંધીઓ અને સ્થાનિક રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. સ્મશાન માટે ખાસ ફાળવવામાં આવેલી પાર્કિંગની જગ્યામાં બહારના લોકો દ્વારા આડેધડ વાહનો ખડકી દેવામાં આવતા અહી અંતિમ સંસ્કાર માટે આવતા લોકોને પોતાના વાહનો પાર્ક કરવા જગ્યા જ મળતી નથી. અહીં મુલાકાતે આવતા લોકો અને સંચાલકોના જણાવ્યા મુજબ, નોકરીએ જતા અનેક લોકો પોતાના વાહનો આ સ્મશાનના ડેડિકેટેડ પાર્કિંગમાં મૂકીને જતા રહે છે. જ્યારે તેમને અહીં વાહનો મૂકવાની ના પાડવામાં આવે છે,



ત્યારે તેઓ એવો બચાવ કરે છે કે આ કોર્પોરેશનની જગ્યા છે અને આજુબાજુ અન્ય કોઈ પાર્કિંગની વ્યવસ્થા નથી. સ્મશાન પરિસરમાં સ્પષ્ટપણે 'નો પાર્કિંગ'ના બોર્ડ મારેલા હોવા છતાં લોકો તેને ગંભીરતાથી લેતા નથી અને સુરક્ષાકર્મીઓ કે સ્થાનિકો દ્વારા ટોકવામાં આવે ત્યારે દાદાગીરી પર ઉતરી આવે છે. આ ગંભીર બેદરકારી અંગે પાલિકાના અધિકારીઓ તેમજ ટ્રાફિક પોલીસને પણ જાણ કરવામાં આવી છે. સ્થાનિકોએ અગાઉ જ્યારે ટ્રાફિક પોલીસનો સંપર્ક કર્યો ત્યારે ક્રેન લાવીને અનધિકૃત વાહનો હટાવવાની ખાતરી આપવામાં આવી હતી, પરંતુ ત્યારબાદ કોઈ જ નક્કર કામગીરી કરવામાં આવી નથી. અધિકારીઓ દ્વારા કોઈ સ્થળ મુલાકાત ન લેવાતાં અને તંત્રની નિષ્ક્રિયતાના કારણે દિન-પ્રતિદિન પાર્કિંગની સમસ્યા વધુ વિકટ બની રહી છે, જેથી વડોદરા મહાનગરપાલિકા અને ટ્રાફિક પોલીસ તાત્કાલિક ધોરણે આ બાબતે કડક કાર્યવાહી કરે તેવી લોકમાંગ ઉઠી છે.

શહેરમાં મુખ્ય માર્ગો પરથી દબાણો હટાવ્યાના દાવા છતાં કાયમી ઉકેલનો અભાવ

# વડોદરા પાલિકાની 'દબાણ હટાવ' ઝુંબેશના નામે ફોટોસેશન !

માત્ર ૩ પાકા યુનિટ તોડીને અને ૩ ટ્રક સામાન જપ્ત કરીને પાલિકાએ પોતાની પીઠ જાતે જ થાપડી



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરા મહાનગરપાલિકા દ્વારા સોમવારના રોજ અખબારોમાં ચમકાવવા માટે જાહેર કરાયેલી પ્રેસનોટ વાંચીને સામાન્ય વડોદરાવાસીને હસવું કે રડવું તે સમજાતું નથી. પાલિકાનું તંત્ર જાણે કોઈ પરાક્રમ કરી નાખ્યું હોય તેમ એરપોર્ટ ગેટ, ગોલ્ડન બ્રિજ નીચે અને આજવા ચોકડી રાત્રી બજાર જેવા ચુનંદા વિસ્તારોમાં દબાણ હટાવ્યાનો સંતોષ માણી રહ્યું છે. સવાલ એ થાય છે કે આ દબાણો શું રાતોરાત રાક્ષસી કદમાં ઊભા થઈ ગયા હતા કે પછી પાલિકાના પેટનું પાણી હલાવવા કોઈ સરકારી મુહૂર્તની રાહ જોવી પડતી હતી ? એરપોર્ટ, ગોલ્ડન બ્રિજ અને વાઘોડિયા ચોકડી જેવા મુખ્ય માર્ગો પરથી દબાણો હટાવ્યાની બડાશો પોકારવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે આ કાર્યવાહી માત્ર કાગળ પર અને કેમેરા સમક્ષ શોભાના ગાંઠિયા સમાન સાબિત થાય છે. કરોળિયા મસાણી માતા મંદિર પાસે માત્ર ૦૩ પાકા યુનિટ તોડીને અને રેલવે સ્ટેશન તેમજ બસ ડેપો પાસેથી માત્ર ૩ ટ્રક સામાન જપ્ત કરીને પાલિકાએ પોતાની પીઠ જાતે જ થાપડી લીધી છે. શું આટલાં જ દબાણો સમગ્ર વડોદરાના વિકાસને અવરોધી રહ્યા હતા ? લારી-ગલ્લા ધારકો અને હંગામી દબાણો સામે માત્ર દેખાડા પૂરતી લાલ આંખ કરવામાં આવે છે, જ્યારે અસલી અને મોટા ગજાના ગેરકાયદેસર બાંધકામો સામે આંખ આડા કાન કરવાની પાલિકાની જૂની આદત યથાવત્ રહી છે. સયાજીગંજ પોલીસ સ્ટેશનના સિંહફાળા સાથે સ્ટેશન વિસ્તાર અને બસ ડેપોના ગેટ ખાલી કરાવ્યા, પરંતુ આ દબાણો ફરીથી બીજા જ દિવસે યથાવત્ થવાના નથી તેની શું ખાતરી ? પાલિકા પાસે કાયમી ધોરણે ટ્રાફિક અને દબાણ નિયંત્રણમાં રાખવા માટે કોઈ નક્કર આયોજન છે કે કેમ તે મોટો પ્રશ્ન છે.

## MSU દ્વારા શ્રાવણોત્સવ 2026 રીલ સ્પર્ધાનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા દ્વારા શ્રાવણ માસ નિમિત્તે શ્રાવણોત્સવ 2026 રીલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. યુનિવર્સિટીના તમામ ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓને આ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લેવા માટે અપીલ કરવામાં આવી છે. સ્પર્ધામાં ભાગ લેનાર સહભાગીઓએ વડનગરના ઐતિહાસિક વારસા, આધ્યાત્મિક મહત્વ, સાંસ્કૃતિક પરંપરાઓ, સ્થાપત્ય, તહેવારો અને પ્રવાસનની સંભાવનાઓને ઉજાગર કરતી મૂળ રીલ તૈયાર કરવાની રહેશે. સ્પર્ધામાં નિયમો અને શરતો મુજબ રીલની અવધિ 1 થી 3 મિનિટની હોવી જોઈએ.,રીલ ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં બનાવી શકાશે. એન્ટ્રી 2 ઓગસ્ટ થી 5 ઓગસ્ટ દરમિયાન જમા કરાવવાની રહેશે. ફક્ત મૂળ વિડિયો ફૂટેજ સ્વીકારવામાં આવશે. એઆઈ દ્વારા બનાવેલ વિઝ્યુઅલ, સ્ટોક ફૂટેજ અને કોપીરાઈટેડ સામગ્રી માન્ય રહેશે.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અટકાયત વિશેષ અભિયાન

# ફતેહગંજ અર્બન હેલ્થ સેન્ટર દ્વારા ગર્લ્સ હોસ્ટેલમાં વાહકજન્ય અને પાણીજન્ય રોગો અટકાવવા વિશેષ માર્ગદર્શન

વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે સરકારી માર્ગદર્શન હેઠળ વિશેષ "ડેન્ગ્યુ જાગૃતિ હોમવર્ક કાર્ડ" ની અનોખી પહેલ



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરા શહેરમાં વાહકજન્ય અને પાણીજન્ય રોગોની રોકથામ માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. તા.૨૯-૦૭-૨૦૨૬ના રોજ પાલિકાના ફતેગંજ અર્બન હેલ્થ સેન્ટરના વિસ્તારમાં આવેલ ગર્લ્સ હોસ્ટેલ ખાતે ડેન્ગ્યુ રોગોની રોકથામ અંગે વિશેષ જનજાગૃતિ કાર્યક્રમ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. શિબિર કાર્યક્રમમાં લાભાર્થીઓને વાહકજન્ય રોગોથી સાવચેતી રાખવાના ઉપાયો તેમજ મચ્છરના લાર્વા પાણીમાં કેવી રીતે ઉત્પન્ન થાય છે તેની ઓળખ અને તેનો નાશ કેવી રીતે કરવો તેની વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. ફતેગંજ અર્બન હેલ્થ સેન્ટરના વિસ્તાર અંતર્ગત આવતી ગર્લ્સ હોસ્ટેલમાં વાહકજન્ય અને પાણીજન્ય રોગો ન ફેલાય તે માટે તંત્ર દ્વારા અગમચેતીના ભાગરૂપે વિશેષ પગલાં લેવાયા છે. હોસ્ટેલના ચીફ વોર્ડન અને સેનિટરી ઈન્સ્પેક્ટર સાથે પરામર્શ કરી હોસ્ટેલના વિવિધ હોલમાં સાફ-સફાઈ અને ભરાયેલ પાણીના સ્રોતોની યોગ્ય સફાઈ કરવામાં આવી હતી, જેથી વિદ્યાર્થિનીઓને સુરક્ષિત અને સ્વસ્થ વાતાવરણ મળી રહે. સરકારના શિક્ષણ અને આરોગ્ય વિભાગના માર્ગદર્શન હેઠળ ધોરણ-૮ના વિદ્યાર્થીઓને વિશેષ ₹ડેન્ગ્યુ જાગૃતિ હોમવર્ક કાર્ડ" આપવામાં આવ્યા છે. આ પહેલનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નાની વયથી જ આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. વિદ્યાર્થીઓ દર અઠવાડિયે પોતાના ઘર અને આસપાસ પાણી ભરાઈ શકે તેવા સ્થળોની તપાસ કરશે અને જ્યાં મચ્છરના લાર્વા જોવા મળશે તેની નોંધ હોમવર્ક કાર્ડમાં કરશે. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓ પોતાના પરિવાર અને સમાજને પણ ડેન્ગ્યુ નિવારણ અંગે સભાન અને જાગૃત બનાવશે. શહેરના લોકપ્રિય સ્થળ સયાજીબાગ ખાતે વાહકજન્ય રોગોની રોકથામ માટે એક વિશેષ ટીમ તૈનાત કરવામાં આવી છે.

## સરકારી પ્રાથમિક શાળાઓમાં 9700 જ્ઞાન સહાયકની ભરતી થશે

( પ્રતિનિધિ )વડોદરા,તા.3

રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ અને ખાસ કરીને ધોરણ 6 થી 8માં અંગ્રેજી વિષયના શિક્ષકોની ખામી દૂર કરવા માટે રાજ્ય સરકારે મોટું પગલું ભર્યું છે. શિક્ષણની ગુણવત્તા સુધારવાના હેતુથી સરકારે 9700 જ્ઞાન સહાયકની કરાર આધારિત ભરતીની પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરી છે. પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ અરજીની શરૂઆત 4 ઓગસ્ટથી અને અરજીની છેલ્લી તારીખ 10 ઓગસ્ટ સુધી, મેરિટ લિસ્ટ 12 ઓગસ્ટ અને દસ્તાવેજ ચકાસણી 17 ઓગસ્ટ ના રોજ કરવામાં આવશે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત સમયમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. પસંદગી પામેલા જ્ઞાન સહાયકોને 11 મહિનાના કરાર પર રાખવામાં આવશે. તેમને દર મહિને 21,000 રૂપિયા માનદવેતન આપવામાં આવશે. અરજી કરવા માટે ઉમેદવારની મહત્તમ વય મર્યાદા 42 વર્ષ નક્કી કરવામાં આવી છે.

શહેરનું તાપમાન 33.8 ડીગ્રી નોંધાયું

# 7 દિવસ વાદળછાયા વાતાવરણ વચ્ચે હળવા વરસાદની શક્યતા



( પ્રતિનિધિ ) વડોદરા,તા.3

હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી આગાહી મુજબ વડોદરા શહેર અને જિલ્લામાં આગામી એક સપ્તાહ સુધી ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. હાલ કોઈ ખાસ ચેતવણી આપવામાં આવી નથી. વડોદરામાં સોમવારે મહત્તમ તાપમાન 33.8 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 25.6 ડિગ્રી નોંધાયું હતું. 24 કલાકમાં 5 મીમી વરસાદ નોંધાયો હતો. હવામાં ભેજનું પ્રમાણ સવારે 92 ટકા અને સાંજે 83 ટકા રહ્યું હતું. આગામી 7 દિવસની આગાહી મુજબ 3 ઓગસ્ટથી 9 ઓગસ્ટ સુધી દરરોજ ગાજવીજ સાથે વરસાદ પડશે. આ દરમિયાન મહત્તમ તાપમાન 32 થી 33 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 26 ડિગ્રીની આસપાસ રહેવાની સંભાવના છે. હવામાન વિભાગે આગામી 7 દિવસ માટે ચેતવણી આપી નથી. વડોદરા જિલ્લા કંટ્રોલ રૂમ, વડોદરાના આંકડા મુજબ 3 ઓગસ્ટના રોજ જિલ્લામાં સરેરાશ 0.88 મીમી વરસાદ નોંધાયો છે. જેમાં સાંજે સાડા છ વાગ્યા સુધીમાં વડોદરા તાલુકામાં 2 મીમી અને ડેસરમાં 5 મીમી વરસાદ પડ્યો હતો. જ્યારે સાવલી, વાઘોડિયા, ડભોઈ, પાદરા, કરજણ અને શિનોર તાલુકામાં વરસાદ નોંધાયો નથી. આ સિઝનનો કુલ વરસાદનો આંકડો જોઈએ તો શિનોરમાં સૌથી વધુ 730 મીમી અને સાવલીમાં 291 મીમી વરસાદ નોંધાયો છે.

સયાજી હોસ્પિટલ ખાતે ૧૬મા ભારતીય અંગદાન દિવસની ઉજવણી

# મૃત્યુ બાદ પણ જીવનદાન આપવાના તબીબો અને સ્ટાફે લીધા સંકલ્પ

અંગદાનથી અન્ય જરૂરિયાતમંદોને નવું આયુષ્ય બક્ષી શકાય તે હેતુસર વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરા શહેરની સયાજી હોસ્પિટલ ખાતે સોમવારના રોજ ૧૬મા ભારતીય અંગદાન દિવસ' નિમિત્તે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં અંગદાન પ્રત્યેની ગેરમાન્યતાઓ દૂર કરવાનો અને મૃત્યુ બાદ પણ અંગદાન દ્વારા અન્ય જરૂરિયાતમંદોને નવું જીવન આપી શકાય તે અંગે વ્યાપક જાગૃતિ ફેલાવવાનો હતો. કાર્યક્રમની શરૂઆતમાં હોસ્પિટલના તબીબો, નર્સિંગ સ્ટાફ અને અન્ય તબીબી કર્મચારીઓએ મોટી સંખ્યામાં એકત્ર થઈને અંગદાનના મહાઅભિયાનમાં સહભાગી બનવાના શપથ લીધા હતા.

ઉપસ્થિત સૌએ સંકલ્પ કર્યો હતો કે તેઓ માત્ર સારવાર જ નહીં, પરંતુ દર્દીઓ અને તેમના સ્વજનોને અંગદાનનું મહત્વ સમજાવીને સેવાયજ્ઞમાં યોગદાન આપશે. આ પ્રસંગે ચર્ચા કરવામાં આવી હતી કે મનુષ્યના મૃત્યુ બાદ તેના અંગો નકામા થઈ જતા હોય છે, પરંતુ જો સમયસર યોગ્ય નિર્ણય લેવામાં આવે તો કિડની, લીવર, હૃદય અને આંખો જેવા મહત્વપૂર્ણ અંગો દ્વારા અન્ય અસંખ્ય દર્દીઓને નવું આયુષ્ય બક્ષી શકાય છે. આ મુશ્કેલ ઘડીમાં અંગદાન માટે કઈ રીતે પ્રેરણા આપી શકાય અને કાઉન્સિલિંગ કરી શકાય તે અંગેની વિસ્તૃત માહિતી પણ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમની વિગતો આપતા એસ.એસ.જી. હોસ્પિટલના મેડિકલ ઓફિસર ડો. એન. એસ. ગલિયાલે જણાવ્યું હતું કે, આજે ૧૬મા ભારતીય અંગદાન દિવસ નિમિત્તે સયાજી હોસ્પિટલના ડૉક્ટરો અને નર્સિંગ સ્ટાફે એકત્ર થઈને શપથ લીધા છે કે એક વ્યક્તિનું મૃત્યુ પણ અન્ય વ્યક્તિના જીવનમાં પ્રકાશ પાથરી શકે છે.

## એસટી બસના મહિલા કંડક્ટરને અચાનક પેટમાં દુખાવો ઉપડતા હોસ્પિટલ ખસેડાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩

વડોદરા એસટી ડેપોથી ડ્રાઈવર ભરતભાઈ પ્રતાપભાઈ અને મહિલા કંડક્ટર મિત્તલબેન ખાટ એસટી બસ લઈને મોટી કોરલ અને નારેશ્વર તરફ જવા માટે રવાના થયા હતા. બસ જ્યારે કાલાઘોડા વિસ્તાર પાસેથી પસાર થઈ રહી હતી, તે દરમિયાન અચાનક જ કંડક્ટર મિત્તલબેનને પેટમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. ચાલુ બસમાં મહિલા સહકર્મીની તબિયત લથડતાં ડ્રાઈવર ભરતભાઈ ઘભરાઈ જવાના બદલે ત્વરિત નિર્ણય લીધો હતો. તેમણે તાત્કાલિક બસ રોકી દીધી હતી અને અંદર બેઠેલા તમામ મુસાફરોની અસુવિધા ન થાય તે માટે અન્ય બસની વ્યવસ્થા કરી તેમને સુરક્ષિત રીતે બીજી બસમાં બેસાડી દીધા હતા. મુસાફરોને રવાના કર્યા બાદ ડ્રાઈવર ભરતભાઈ તુરંત જ મિત્તલબેનને સયાજી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા.

## જાંબુઆ હાઈવે પર બાઈક-એક્ટિવા વચ્ચે અથડામણમાં એકને ઈજા

વડોદરા : શહેરના છેવાડે આવેલા જાંબુઆ વિસ્તારમાં નેશનલ હાઈવે નંબર ૪૮ પર MGVCL ની સામે ગતરોજ એક અત્યંત ભયાનક અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવી રહેલી એક બાઈક ચાલકે મોપેડ સવારને જોરદાર ટક્કર મારતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાતા જ આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા મોપેડ ચાલકને લોહીલુહાણ હાલતમાં જોઈ લોકોની ભીડ એકત્ર થઈ ગઈ હતી અને માનવતા દાખવીને તાત્કાલિક ધોરણે ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી ઈજાગ્રસ્ત વ્યક્તિને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.


**ઓન લાઈન ટેન્ડરીંગ**
**માર્ગ અને મકાન વિભાગ**
**જાહેર નિવિદા - ૧૦સને:૨૦૨૬ - ૨૭(બીજીવખત)**
**ગુજરાત સરકાર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા-૩૮૯૦૦૧ જી. પંચમહાલ ફોન નં.(૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી રસ્તાની ગેબીયન કામગીરીના એક કામ માટે ઓન લાઈન ટેન્ડર એસબીડી ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂા.૨૪.૧૧ લાખ સુધીની છે.

પ્રસ્તુત કામ માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઈટ https://mbtender.nprocure.com પર તા.૧૦.૮.૨૬, ૧૨ : ૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે તથા ટેન્ડર સબમીશનની તા.૧૦.૮.૨૬, ૧૮ : ૦૦ કલાક સુધી રહેશે. જ્યારે કામના ઓન લાઈન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટસ ઈજારદારશ્રીએ રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી તા.૧૦.૮.૨૬ થી તા.૧૭.૮.૨૬ ના રોજ સાંજના ૧૮:૦૦ કલાક સુધી મોકલવાના રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાધવા વિનંતી.

(માહિતી/ગોધરા/૩૬૫/૨૬)


## તરસાલી બાયપાસ પર ગોડાઉનોમાં ભીષણ આગથી ફરસાણ-મીઠાઈના બોક્સ બળીને ખાક થયાં

( પ્રતિનિધિ )વડોદરા,તા.3

વડોદરા શહેરના તરસાલી બાયપાસ પર ધનુયાવી પાસે આવેલા એક ગોડાઉનમાં અચાનક આગ લાગી હતી. પવનના કારણે આગે ઝડપથી પ્રસરીને બાજુમાં આવેલા ફરાસખાનાના ગોડાઉન અને મીઠાઈના બોક્સ બનાવતા ગોડાઉનને પણ પોતાની ઝપેટમાં લઈ લીધા હતા.



બાજુમાં જ પ્રતિમા બનાવવાની વખાર આવેલી હોવાથી તેમાં પણ આગ પ્રસરી હતી. લાકડા, કાપડ અને જ્વલનશીલ સામગ્રી હોવાના કારણે આગે વધુ વેગ પકડ્યો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની 4 થી વધુ ફાયર ટેન્કરો ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયરના જવાનોએ કલાકો સુધીની જહેમત બાદ આગ પર કાબુ મેળવવાના પ્રયાસો કર્યા હતા. આગની ભીષણતાના કારણે ગોડાઉનોમાં રાખેલો તમામ માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગમાં મોટું નુકસાન થયાનો પ્રાથમિક અંદાજ છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી.

ઘરેલુ LPG ગ્રાહકો અને ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓ માટે e-KYC ફરજિયાત

# e-KYC નહીં કરાવનારાઓની ૧૬ ઓગસ્ટ બાદ સબસીડી બંધ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩

LPG સિલિન્ડર વાપરનારા લાખો ઉપભોક્તા માટે એક અત્યંત મહત્વપૂર્ણ અપડેટ સામે આવ્યું છે. દેશની અગ્રણી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા તમામ ઘરેલુ LPG ગ્રાહકો અને પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને SMS મોકલીને ૧૬ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં ફરજિયાતપણે e-KYC ની વિધિ પૂર્ણ કરવાની અપીલ કરવામાં આવી રહી છે. કંપનીઓ દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે નિયત સમયમર્યાદામાં આ પ્રક્રિયા પૂરી નહીં કરનારા ગ્રાહકોને સામાન્ય ઘરેલુ દરો પર ગેસ સિલિન્ડર મળવામાં મુશ્કેલી પડી શકે છે અને ઉજ્જવલા યોજનાની સબસિડી પણ અટકી શકે છે. તેલ કંપનીઓના જણાવ્યા અનુસાર, સરકાર દ્વારા પારદર્શિતા જાળવવા અને યોગ્ય લાભાર્થીઓ સુધી જ સહાય પહોંચે તે હેતુસર આ નિયમ કડક કરવામાં આવ્યો છે. જો ગ્રાહકો નિર્ધારિત તારીખ એટલે કે ૧૬ ઓગસ્ટ સુધીમાં પોતાની વિગતો અપડેટ નહીં કરાવે, તો ઘરેલુ સબસિડીયુક્ત દરો પર LPG સિલિન્ડર મેળવવાની સુવિધા બંધ થઈ શકે છે. ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓની સરકારી સબસિડી રકમ પ્રભાવિત કે અસ્થાયી રૂપે અટકી શકે છે. ગેસ વિતરણ અને સપ્લાય શ્રૃંખલામાં જરૂરી સરકારી લાભ મેળવવામાં અડચણો ઊભી થઈ શકે છે. ગ્રાહકો આ પ્રક્રિયા સરળતાથી પૂર્ણ કરી શકે તે માટે ઓઈલ કંપનીઓએ વિવિધ વિકલ્પો ઉપલબ્ધ કરાવ્યા છે. જેમાં ગ્રાહકો સંબંધિત ગેસ કંપની જેમ કે Indianoil, HP, અથવા Bharat Gas ની સત્તાવાર વેબસાઈટ કે મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને ઘરે બેઠા જ ઓનલાઈન e-KYC પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરી શકે છે. જે ગ્રાહકો ઓનલાઈન પ્રક્રિયા કરવા સક્ષમ નથી, તેઓ બાયોમેટ્રિક ચકાસણી માટે પોતાની નજીકની અધિકૃત ગેસ એજન્સી અથવા ડિલિવરી સ્ટાફનો સંપર્ક કરી શકે છે. બીજી તરફ, તાજેતરમાં ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં રાહત આપવામાં આવી છે, જ્યારે ૧૪.૨ કિલોગ્રામના સામાન્ય ઘરેલુ સિલિન્ડરના ભાવોમાં હાલ કોઈ વિશેષ ફેરફાર કરાયો નથી. સાર્વજનિક ક્ષેત્રની તેલ કંપનીઓએ તમામ ગ્રાહકોને અનુરોધ કર્યો છે


**આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ**
કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નંબર 501 અને 503, 5મો માળ, લાઈટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ સબર્બન (જીલ્લો), એમ.એચ. 400072
વડોદરા શાખાઃ યુનિટ નંબર SF-201, બીજો માળ, સિલ્વર ફોર્ચ્યુન બિલ્ડિંગ, જૈન મંદિર પાસે, અકોટા કાઉ સર્કલ રોડ, અકોટા, વડોદરા-390020 (ગુજરાત)

Aadhar Housing Finance Ltd

**ઈ-હરાજી - વેચાણ નોટિસ**

સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 (6) ની જોગવાઈ સાથે વંચાણે લેતા સિક્યોરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ.
આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને નોટિસ આપવામાં આવે છે કે આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા કબ્જો લેવામાં આવેલ ગીરો મૂકેલી નીચે મુજબની સ્થાવર મિલકત "જેમ છે ત્યાં છે", "જેમ છે જે સ્થિતિમાં છે" અને "જે કંઈ પણ છે તે સ્થિતિમાં" કોઈપણ જાણીતા બોજા વગર વેચવામાં આવશે, જેની વિગત નીચે મુજબ છેઃ

| ક્રમ | લેણદાર/દેવાદાર(રો)/સહ-દેવાદાર(રો)/જામીનદાર(રો) | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | રિઝર્વ પ્રાઇઝ (RP) | EMD (RP ના 10%) | કબ્જાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નંબર 03810000545 / વડોદરા શાખા) મહેશભાઈ સોમાભાઈ પલાસ (દેવાદાર) અરુણાબેન પલાસ (સહ-દેવાદાર) | 14-04-2026 & ₹ 15,56,829/- | મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, જેનો નંબરઃ જીએફ એ-85/4 અલીયાર પાર્ક દાવડા રોડ મોજે હાલોલ સબ ડિસ્ટ- કાલોલ ડિસ્ટ- પંચમહાલ ગુજરાત 389350. ચતુર્સીમાઃ પૂર્વઃ ઘરથાળ નં. એ 85/2 પશ્ચિમઃ સોસાયટી રોડ ઉત્તરઃ સોસાયટી રોડ દક્ષિણઃ ઘરથાળ નં. એ 85/5 | Rs. 12,30,000/- | Rs. 1,23,000/- | પ્રત્યક્ષ (Physical) |

1. કેવાયસી, ટેન્ડર ફોર્મ અને સ્વીકારેલ નિયમો અને શરતો (ટેન્ડર દસ્તાવેજો) સાથે અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) ના ડીડી રજૂ કરવાની છેલ્લી તારીખ 07-09-2026 ના રોજ સાંજે 5:00 વાગ્યા સુધીમાં અહીં ઉપર દર્શાવેલ શાખા કાર્યાલયના સરનામે અથવા https://bankeauctions.com પર અપલોડ કરવાની રહેશે. છેલ્લી તારીખ પછી મળેલા ટેન્ડર દસ્તાવેજો અમાન્ય ગણવામાં આવશે અને તે અનુસાર રદ કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
2. મિલકત માટે બીડ/ઓફર ખોલવાની તારીખ (હરાજીની તારીખ) 08-09-2026ના રોજ https://bankeauctions.com પર બપોરે 3:00 વાગ્યાથી સાંજે 4:00 વાગ્યા સુધીની રહેશે.
3. ઉપર દર્શાવ્યા મુજબ મિલકત પર પડતર કોઈપણ જવાબદારીઓ માટે AHFL જવાબદાર નથી. મિલકતની હરાજી 'જેમ છે ત્યાં છે', 'જેમ છે જે સ્થિતિમાં છે' અને 'જે કંઈ પણ છે તે સ્થિતિમાં'ના આધારે કરવામાં આવશે.
4. ડીમાન્ડ ડ્રાફ્ટ માત્ર 'Aadhar Housing Finance Limited'ના નામે જ બનાવવાનો રહેશે.
5. હરાજી/બોલી માત્ર વેબસાઇટ https://bankeauctions.com દ્વારા "ઓનલાઇન ઇલેક્ટ્રોનિક બિડિંગ" દ્વારા જ રહેશે. બિડરોને ઈ-હરાજી વેચાણ કાર્યવાહીમાં ભાગ લેતા પહેલા વિગતવાર શરતો માટે વેબસાઈટ જોવાની સલાહ આપવામાં આવે છે.
6. ઈચ્છુક બિડરોએ https://bankeauctions.com/registration/signup લિંક દ્વારા સેવા પ્રદાતા M/s C 1 INDIA PVT LTDના પોર્ટલ પર તેમના નામ રજીસ્ટર કરવાના રહેશે અને મફતમાં તેમનો યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવાનો રહેશે. સંભવિત બિડર વેબસાઇટ https://bankeauctions.com દ્વારા સેવા પ્રદાતા M/s C 1 INDIA PVT LTD પાસેથી ઈ-હરાજી પર ઓનલાઈન તાલીમ મેળવી શકે છે.
7. વધુ વિગતો માટે આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી અમિતકુમાર સોની (સંપર્ક નં. 9913333214) અથવા સેવા પ્રદાતા M/s C1 INDIA PVT LTD, શ્રી પ્રભાકરન, મોબાઇલ નં: +91-74182-81709, ઈ-મેઈલ: tn@c1india.com & support@bankeauctions.com, ફોન નં. +917291981124/25/26 નો સંપર્ક કરો. આજની તારીખે, AHFL/AHFLના અધિકૃત અધિકારીને ઉપરોક્ત સ્થાવર મિલકતો/સુરક્ષિત અસ્કયામતો વેચવા, ટ્રાન્સફર કરવા અને/અથવા નિકાલ કરવાથી રોકતો કોઈ ઓર્ડર અને/અથવા કોર્ટનો મનાઈ હુકમ નથી.
8. વેચાણની વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL), સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઇટ એટલે કે www.aadharhousing.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.
9. હરાજી માટે બીડ ઇન્ક્રીમેન્ટલ રકમ રૂ. 10,000/- છે.
10. આ વર્તમાનપત્ર પ્રકાશન અને તેમાં સમાવિષ્ટ ડેટાનો હેતુ સામાન્ય જનતા સુધી માહિતી પહોંચાડવાનો છે. આ સામગ્રીનું પ્રિન્ટ, ડિજિટલ, ઈલેક્ટ્રોનિક પબ્લિકેશન, ઈ-મેઈલ અથવા વેબ પબ્લિકેશન અથવા અન્ય કોઈ પણ માધ્યમ દ્વારા સંપૂર્ણ કે અંશતઃ પુનઃઉત્પાદન, વિતરણ, ટ્રાન્સમિશન કે પુનઃપ્રકાશન સખત રીતે પ્રતિબંધિત છે. કોઈપણ માધ્યમ દ્વારા ઉપરોક્ત સામગ્રીનો કોઈપણ અનાધિકૃત ઉપયોગ AHFL દ્વારા યોગ્ય કાનૂની કાર્યવાહીમાં પરિણમી શકે છે.

સ્થળઃ ગુજરાત
તારીખઃ 04-08-2026

સહી/- અધિકૃત અધિકારી
આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ